# ભોગ

– બાબુભાઈ સી. સોલકી 'રાકેશ'

'કેલે લેલો....કેલે.....મલાઈ કેલે.....'

સુજ્ઞોમલ સિંધી મુબઈની સડર પર કેળાની લારી લઈને નીકળ્યો છે. એક બહેને ઊભો રાખ્યો. ભાવ પૂછ્યો. 'ડઝન કેળા આપો. આજે જન્માષ્ટમી છે.... ઉપવાસ છે...'

સુજ્ઞોમલે સારા, મોટા, પાકા કેળાની લૂમ આપી, પૈસા લીધા. ઉપર એક કેળુ વધારાનુ આપતા બોલ્યો : 'બહન.....! યે મેરી ઓરસે કનૈયાકો ભોગ લગાના.'

સુજ્ઞોમલ પેલા બહેન સાથે આમ વાતમા હતો ત્યા.... એની નજર ચુકાવી બાર–તેર વર્ષનો એક કિશોર લારીમાથી કેળાની લૂમ ઊપાડી દોડયો.....સુજ્ઞોમલનુ ધ્યાન ગયુ.....એની પાછળ એ પણ દોડયો... સો કદમ જતા તો એને પકડી પાડયો. બાવડુ પકડીને ક્રોધાવેશમા બોલ્યો : 'ચોર....ચોરી કરકે જેલ જાયેગા' હાથ ઉગામી જ્યા મારવા જાય છે ત્યા પાછળ મોટો ધબાકો થયો. ત્રણ માળનો જૂના માળો પત્તાના મહેલની જેમ તૂટી પડયો હતો. કેળાની લારી એની નીચે ચગદાઈ ગઈ હતી. છોકરો તો એ જોતા જ સ્તબ્ધ થઈ ગયો.!

સુજ્ઞોમલનો છોકરાને મારવા ઉગામેલો હાથ રોકાઈ ગયો. એણે છોકરાના ખભા પર હાથ દીધો. પૂછ્ય : 'બેટા....! તેરા નામ ક્યા હૈ ?'

'કનૈયા.'

'બચપન મે માખનકી ચોરી કરતા થા, અબ કલેકી ચોરી કી....!!મુઝે બચાનેકે લિયે કેલેકી ચોરી કી......??'

આટલુ કહેતા કહેતા તો સુજ્ઞોમલે એને બે હાથે ઉપાડી લીધો. છાતીસરસો ચાપ્યો. એના મસ્તક પર આસુનો અભિષેક થયો. સુજ્ઞોમલ બે ઘડી અતીતમા ખોવાઈ ગયો...એનો બાર વરસનો



દીકરોનારાયણ ભારતના ભાગલાની આગનો ભોગ બન્યો હતો. પહેલે લૂગડે સિંધ છોડી પતિ–પત્ની ભારત આવી ગયા હતા. રઝળપાટ કરતા કરતા મુબઈ આવી ઝૂપડપટ્ટીમા રહેતા હતા. કેળા વેચી ગુજારો કરતા.

કળ વળતા સુજ્ઞોમલે કહ્યુ : 'ચલ, મુઝે અપને માતા–પિતા સે મિલા. અપને ઘર લે ચલ.....'

'મેરા કોઈ ઘર નહીં, માતા–પિતા નહીં.....'

'બેટા....! મેરા ઘર અબ તેરા ઘર, હમ તેરે માતા–પિતા....ચલ મેરે ઘર.'

સુજ્ઞોમલ મનમા બબડયો : 'મુઝે મેરા નારાયણ મિલ ગયા. મેરા ભોગ લગાના સફલ હુઆ.'

■